| GJSR120031872017 | | રજુ કર્યા તારીખ | ૧૬/૦૯/૨૦૧૭ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૧૬/૦૯/૨૦૧૭ | | |
| | | ફેસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| | | સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૮ | ૦૫ | ૨૩ |
| | સત્યમેવ जयते | આંક: | | | |

મહેરબાન કઠોરના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા મુ.કઠોર.

**ફોજદારી કેસ નં.૩૦૪૪/૨૦૧૭**

**– : FORM – A :–**

| એફ. આઈ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશન :– | –––– |
| ગુનો :– | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત :– | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ |
| ફરીયાદી :– | **કેતનભાઈ શાંતિભાઈ પટેલ**<br>ઉ.આ.વ.–૪૫, વ્યવસાય–ખેતી અને વેપાર<br>રહે.પટેલ ફળીયુ, કોળી ભરથાણા, તા.કામરેજ, જી.સુરત. |
| ફરીયાદી તરફે વિ.વ. શ્રી :– | **શ્રી સી. આર. પટેલ** |
| આરોપી :– | **વિક્રમ નંદરામ બલવાડકર**<br>ઉ.આ.વ.પુખ્ત વયના, વ્યવસાય–વેપાર<br>રહે.ઘોડીરાજ બંગ્લોઝની પાસે, પોસ્ટ.બાલેવાડી, પુણે, મહારાષ્ટ્ર. |
| આરોપી તરફે વિ.વ. શ્રી :– | **શ્રી ડી. આર. પટેલ** |

**– : FORM – B :–**

| | |
|---|---|
| ચેકની તારીખ | તા:૧૫/૦૬/૨૦૧૭ |
| ચેક જમા કરાવ્યાની તારીખ | તા:૧૫/૦૬/૨૦૧૭<br>તા:૦૧/૦૮/૨૦૧૭ |
| ચેક પરત ફર્યાની તારીખ | તા:૧૬/૦૬/૨૦૧૭<br>તા:૦૨/૦૮/૨૦૧૭ |
| નોટીસ આપ્યા તારીખ | તા:૧૧/૦૮/૨૦૧૭ |
| નોટીસ બજી ગયા તારીખ | તા:૧૬/૦૮/૨૦૧૭ |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ કર્યાની તારીખ | તા:૧૬/૦૯/૨૦૧૭ |
| ચાર્જ/પ્લી ફરમાવ્યાની તારીખ | તા:૦૫/૦૮/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા:૦૫/૦૫/૨૦૨૧ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા:૨૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | તા:૦૯/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ સંભળાવ્યાની તારીખ, જો હોય તો | તા:૦૯/૦૩/૨૦૨૬ |

**-::આરોપીની વિગત::-**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (CR.P.C. SE.428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **વિક્રમ નંદરામ બલવાડકર** | --- | --- | The Negotiable Instrument Act Section-138 | દોષિત | એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતર પેટે ચુકવવાની | -- |

## - : FORM - C :-

**ફરિયાદ ના સાહેદોનું લિસ્ટ**

### (એ) ફરિયાદપક્ષના સાહેદો :-

| સાહેદ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | કેતનભાઈ શાંતિભાઈ પટેલ | ફરિયાદી | ૦૪ |

**ફરિયાદ પક્ષ તથા બચાવપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ**

### (એ) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-

| | | |
|---|---|---|
| ૧. | આંક-૨૬ | ધી વરાછા કો.ઓ.બેંક લિ., કામરેજ, સુરત શાખાની બેંક સ્ટેટમેન્ટની નકલ |
| ૨. | આંક-૨૭ | એજન આઈ.સી.આઈ.સી.આઈ.બેંક ની સમરી એકાઉન્ટની નકલ |
| ૩. | આંક-૨૮ | સદરહુ કામના આરોપીએ આપેલ અસલ ચેક |
| ૪. | આંક-૨૯ | એજન ચેકનો અસલ રીર્ટન મેમો |
| ૫. | આંક-૩૦ | ફરીયાદીએ હમારા વકીલશ્રી મારફત સદરહુ કામના આરોપીને મોકલેલ નોટીસની ઓફીસ કોપી |
| ૬. | આંક-૩૧ | એજન રજી.પો.એડી.થી મોકલી તેની અસલ સફેદ પાવતી નંગ-૧ |
| ૭. | આંક-૩૨ | ઈન્ડીયા પોસ્ટનુ નેટ સ્ટેટસ |

---

**–:: ચુકાદો ::–**

**(૧).. આ કામે ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

હાલની ફરિયાદ ફરિયાદી **કેતનભાઈ શાંતિભાઈ પટેલ,** એ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની દાખલ કરેલી છે.

**(૨).. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** આ કામના ફરિયાદી કેતનભાઈ શાંતિભાઈ પટેલ કે જેઓ જેઓ સુરત ખાતે જમીન લે–વેચ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમને તેમના મિત્ર જતીનગીરી કંચનગીરી ગૌસ્વામી મારફતે પુણેમાં ફ્લોર મીલનો ધંધો કરતા આરોપી સાથે પરિચય થયો હતો. આરોપીની સુરત ખાતેની અવાર–નવારની મુલાકાતોને કારણે ફરિયાદી સાથે તેમના ગાઢ અને વિશ્વાસપૂર્ણ સંબંધો બંધાયા હતા, જેનો લાભ ઉઠાવી આરોપીએ મે–૨૦૧૭માં પોતાના ધંધાકીય વિકાસ માટે રૂા. ૧૭,૫૦,૦૦૦/– ની આર્થિક મદદ માંગી હતી. આ મિત્રતાના દાવે અને ભરોસે, ફરિયાદીએ તા. ૨૫/૦૫/૨૦૧૭ ના રોજ ધી વરાછા કો–ઓપરેટિવ બેંકના ચેક નં. ૮૨૬૪૩૮ થી રૂા. ૯,૦૦,૦૦૦/– અને ICICI બેંકના ચેક નં. ૧૩૬૧૬૧ થી રૂા. ૮,૫૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૭,૫૦,૦૦૦/– ની રકમ RTGS મારફતે આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. આરોપીએ આ રકમ હાથ ઉછીની લીધી હોવાનું સ્વીકારી ટૂંક સમયમાં પરત કરી દેવાની ખાતરી આપી ફરિયાદીનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીએ શરૂઆતમાં બહાના બતાવી સમય પસાર કર્યો હતો. જોકે, જૂના સંબંધો અને આરોપી પરના અતૂટ વિશ્વાસને કારણે ફરિયાદીએ લાંબા સમય સુધી ધીરજ રાખી કોઈ કાયદેસરની કાર્યવાહી કરી ન હતી. ત્યારબાદ, ફરીથી મક્કમ ઉઘરાણી કરતા આરોપીએ પોતાની દેવાદારી સ્વીકારી હતી અને હાથ ઉછીની લીધેલ રકમ પેટે **યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, બલેવાડી, પુણે** શાખાનો **રૂ.૧૭,૫૦,૦૦૦/–**નો **ચેક નં.૦૦૬૨૩૪, તા.૧૫/૦૬/૨૦૧૭** નો ફરિયાદીને આપ્યો હતો. આરોપીએ ફરિયાદીને પાકો વિશ્વાસ અને ખાતરી આપી હતી કે આ ચેક બેંકમાં રજૂ કરતા તે પાસ થઈ જશે અને ફરિયાદીને તેમના પૂરેપૂરા નાણાં પરત મળી જશે. આરોપીએ આપેલા વિશ્વાસ મુજબ, ફરિયાદીએ રૂ.૧૭,૫૦,૦૦૦/– નો ચેક નં. ૦૦૬૨૩૪ તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ પોતાની વરાછા કો–ઓપરેટિવ બેંક, કામરેજ શાખામાં જમા કરાવ્યો હતો. પરંતુ, આરોપીના ખાતામાં અપૂરતું બેલેન્સ હોવાને કારણે આ ચેક **તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ "Funds Insufficient"** ના શેરા સાથે પરત આવ્યો હતો. આ અંગે જાણ કરતા આરોપીએ માફી માંગી હતી અને થોડા સમય પછી પોતાની સૂચના મુજબ ફરીથી ચેક બેંકમાં નાખવા જણાવ્યું હતું. ત્યારબાદ,

આરોપીના જણાવ્યા અને ભરોસા મુજબ ફરિયાદીએ **તા. ૦૧/૦૮/૨૦૧૭** ના રોજ ફરીથી સદર ચેક બેંકમાં રજૂ કર્યો હતો. પરંતુ આ વખતે આરોપીએ બદદાનત રાખી ચેક અટકાવી દીધો હોવાથી, ચેક **તા. ૦૨/૦૮/૨૦૧૭ ના રોજ** "**Payment Stopped by Drawer**" ના શેરા સાથે ફરીવાર પરત આવ્યો હતો. જ્યારે આ બાબતે આરોપીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સંતોષકારક જવાબ આપવાને બદલે ઉડાઉ જવાબો આપ્યા હતા. જેથી, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ હેઠળ કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે, ચેક પરત આવતા, ફરિયાદીએ કાયદા મુજબ તા.૧૧/૦૮/૨૦૧૭ના રોજ રજી.પો.એ.ડી. દ્વારા આરોપીના બંને સરનામા પર નોટિસ મોકલી હતી. જે નોટીસ આરોપીને તા.૧૬/૦૮/૨૦૧૭ નારોજ બજી ગઈ હતી. તેમ છતાં, આરોપીએ નોટિસ મળ્યાના ૧૫ દિવસની મુદતમાં લેણાંની રકમ ન ચૂકવતા, ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૩).. ફરિયાદીની ફરિયાદ દાખલ થતાં તેમનું વેરીફીકેશન નોંધી આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ મુજબના સમન્સ કાઢવાનો હુકમ કરેલ હતો. જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી હાજર થતા તેમને ફરિયાદની નકલ આપી આંક-૨૧ થી પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ ગુનો કબૂલ નહીં હોવાનો જવાબ આપતાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

(૪).. સદર કામે ફરિયાદી તર્ફે આંક-૨૪ થી ઉલટ તપાસનો હક્કબંધ કરવાની અરજી કરવામા આવેલ છે જે મુજબ આંક-૨૪ થી ઉલટતપાસનો હક્કબંધ કરવામા આવેલ છે.

(૫).. ફરિયાદપક્ષે આંક-૨૫ થી તેમનો પુરાવો બંધ થયાની પુરશીશ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયો તેમજ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાની હકીકત જાહેર કરેલ છે.

(૬).. ફરિયાદપક્ષે આંક-૩૩ થી આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરવાની અરજી આપવામાં આવતા આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૭).. ફરીયાદપક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આરોપી તર્ફે હાજર ન રહેતા હોય તેથી તેઓનો દલીલનો હક્કબંધ કરવામા આવેલ છે.

( ૮ ).. આ કેસના યોગ્ય ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -:: મુદ્દાઓ ::-

(૧) શું ફરિયાદ પક્ષ સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્રરીતે અથવા

અંશતઃ, કોઈપણ કાયદેસરનું દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળા ચેકો ફરિયાદીને આપેલ અને તે ચેકો, નિયત સમયમાં ફરિયાદીએ બેંક સમક્ષ રજૂ કરતાં, તે ચેકો ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરિયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકોની રકમની માંગણી કરવા છતાં, આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી, આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૯)..** ઉપરોક્ત મુદ્દા પરત્વેનો ટૂંકમાં નિર્ણય નીચે મુજબ છે.

**(૧) મુદ્દા નંબર : ૦૧ હકારમાં.**

(૨) મુદ્દા નંબર : ૦૨ આખરી હુકમ મુજબ.

**(૧૦)..** આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નક્કી કરવામાં આવેલા મુદ્દાના નિર્ણય પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>-:કારણો:-</u>**

**(૧૧)..** આ કામે ફરિયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો પુરવાર કરવા માટે આંક-૦૪ થી **કેતનભાઈ શાંતિભાઈ પટેલ ને** સોંગદ પર તપસાવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી કેતનભાઈ શાંતિભાઈ પટેલ કે જેઓ જેઓ સુરત ખાતે જમીન લે-વેચ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમને તેમના મિત્ર જતીનગીરી કંચનગીરી ગૌસ્વામી મારફતે પુણેમાં ફ્લોર મીલનો ધંધો કરતા આરોપી સાથે પરિચય થયો હતો. આરોપીની સુરત ખાતેની અવાર-નવારની મુલાકાતોને કારણે ફરિયાદી સાથે તેમના ગાઢ અને વિશ્વાસપૂર્ણ સંબંધો બંધાયા હતા, જેનો લાભ ઉઠાવી આરોપીએ મે-૨૦૧૭માં પોતાના ધંધાકીય વિકાસ માટે રૂા. ૧૭,૫૦,૦૦૦/- ની આર્થિક મદદ માંગી હતી. આ મિત્રતાના દાવે અને ભરોસે, ફરિયાદીએ તા. ૨૫/૦૫/૨૦૧૭ ના રોજ ધી વરાછા કો-ઓપરેટિવ બેંકના ચેક નં. ૮૨૬૪૩૮ થી રૂા. ૯,૦૦,૦૦૦/- અને ICICI બેંકના ચેક નં. ૧૩૬૧૬૧ થી રૂા. ૮,૫૦,૦૦૦/- મળી કુલ રૂા. ૧૭,૫૦,૦૦૦/- ની રકમ RTGS મારફતે આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. આરોપીએ આ રકમ હાથ

ઉછીની લીધી હોવાનું સ્વીકારી ટૂંક સમયમાં પરત કરી દેવાની ખાતરી આપી ફરિયાદીનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીએ શરૂઆતમાં બહાના બતાવી સમય પસાર કર્યો હતો. જોકે, જૂના સંબંધો અને આરોપી પરના અતૂટ વિશ્વાસને કારણે ફરિયાદીએ લાંબા સમય સુધી ધીરજ રાખી કોઈ કાયદેસરની કાર્યવાહી કરી ન હતી. ત્યારબાદ, ફરીથી મક્કમ ઉઘરાણી કરતા આરોપીએ પોતાની દેવાદારી સ્વીકારી હતી અને હાથ ઉછીની લીધેલ રકમ પેટે **યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, બલેવાડી, પુણે** શાખાનો **રૂ.૧૭,૫૦,૦૦૦/–**નો **ચેક નં.૦૦૬૨૩૪, તા.૧૫/૦૬/૨૦૧૭** નો ફરિયાદીને આપ્યો હતો. આરોપીએ ફરિયાદીને પાકો વિશ્વાસ અને ખાતરી આપી હતી કે આ ચેક બેંકમાં રજૂ કરતા તે પાસ થઈ જશે અને ફરિયાદીને તેમના પૂરેપૂરા નાણાં પરત મળી જશે. આરોપીએ આપેલા વિશ્વાસ મુજબ, ફરિયાદીએ રૂ.૧૭,૫૦,૦૦૦/– નો ચેક નં. ૦૦૬૨૩૪ તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ પોતાની વરાછા કો–ઓપરેટિવ બેંક, કામરેજ શાખામાં જમા કરાવ્યો હતો. પરંતુ, આરોપીના ખાતામાં અપૂરતું બેલેન્સ હોવાને કારણે આ ચેક **તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ "Funds Insufficient"** ના શેરા સાથે પરત આવ્યો હતો. આ અંગે જાણ કરતા આરોપીએ માફી માંગી હતી અને થોડા સમય પછી પોતાની સૂચના મુજબ ફરીથી ચેક બેંકમાં નાખવા જણાવ્યું હતું. ત્યારબાદ, આરોપીના જણાવ્યા અને ભરોસા મુજબ ફરિયાદીએ **તા. ૦૧/૦૮/૨૦૧૭** ના રોજ ફરીથી સદર ચેક બેંકમાં રજૂ કર્યો હતો. પરંતુ આ વખતે આરોપીએ બદદાનત રાખી ચેક અટકાવી દીધો હોવાથી, ચેક **તા. ૦૨/૦૮/૨૦૧૭ ના રોજ "Payment Stopped by Drawer"** ના શેરા સાથે ફરીવાર પરત આવ્યો હતો. જ્યારે આ બાબતે આરોપીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સંતોષકારક જવાબ આપવાને બદલે ઉડાઉ જવાબો આપ્યા હતા. જેથી, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ હેઠળ કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે, ચેક પરત આવતા, ફરિયાદીએ કાયદા મુજબ તા.૧૧/૦૮/૨૦૧૭ના રોજ રજી.પો.એ.ડી. દ્વારા આરોપીના બંને સરનામા પર નોટિસ મોકલી હતી. જે નોટીસ આરોપીને તા.૧૬/૦૮/૨૦૧૭ નારોજ બજી ગઈ હતી. તેમ છતાં, આરોપીએ નોટિસ મળ્યાના ૧૫ દિવસની મુદતમાં લેણાંની રકમ ન ચૂકવતા, ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

**આ કામે આંક–૨૪ થી ઉલટ તપાસનો હક્કબંધ કરવાની અરજી કરવામાં આવેલ છે જે મુજબ આંક–૨૪ થી ઉલટતપાસનો હક્કબંધ કરવામા આવેલ છે.**

વધુમાં, સદર ફરીયાદીએ તેમની જુબાની દરમ્યાન આંક–૨૬ થી આંક–૩૨ હેઠળ રજુ કરેલ દસ્તાવેજો ને સમર્થન આપેલ છે.

**(૧૨)..** હાલની ફરિયાદના નિકાલ માટે સૌપ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને છે કે નહીં તે નક્કી કરવું જરૂરી છે. જેથી કલમ–૧૩૮ ની જોગવાઈ જોવી પડે. જે નીચે મુજબ છે.

**Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account-**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

**(a)** the cheque has been presented to the bank within a period of three months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

**(b)** the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a

notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

**(c)** the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

જે મુજબ કોઈ વ્યક્તિ તેના દ્વારા નિભાવવામાં આવતા બેંકના ખાતામાંથી કોઈ ચેક બીજી વ્યક્તિને લખેલો હોય અને તે ચેક તે બીજી વ્યક્તિની પ્રથમ વ્યક્તિ પાસેથી લેણા નિકળતા કોઈ દેવા કે બીજી જવાબદારીના સંપૂર્ણ કે અંશતઃ ચુકવણી પેટે હોય અને તે ચેક બેંક દ્વારા વગર સ્વિકરાયે પરત આવે અને તે ચેક તે ખાતામાં ઓછી રકમના કારણે અથવા તો જે રકમની બેંક સાથે ગોઠવણ કરેલી હોય તેના કરતા વધુ રકમનો ચેક હોય અને તેના કારણે પરત આવેલ હોય તો તે વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની બીજી જોગવાઈઓને બાધ આવ્યા સિવાય તે વ્યક્તિ બે વર્ષ સુધીની સજાને તથા ચેકની રકમથી બમણી રકમ સુધીના દંડને અથવા તો બંન્નેને પાત્ર થશે. જો કે આ કલમને તેના પરંતુક સાથે વંચાણે લેવી પડે. જે મુજબ સદરહુ ચેક તે ચેકની તારીખથી ૦૩ માસમાં અથવા તો તેના મંજુર સમયમાં રજુ થયેલો હોવો જોઈએ. વધુમાં, એવો પરંતુક છે કે, તે ચેક જેની તરફેણમાં લખવામાં આવેલ હોય કે તેના વતી ધારણ કરનારે તે બાબતની ચેક લખનારને બેંક તરફથી માહીતી મળ્યાના દિન–૩૦ માં લેખીતમાં નોટીસ આપેલી હોય અને ચેક લખનારે તે ચેકની રકમ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં ચુકવી આપેલ ન હોય. આમ, સમગ્ર કલમની જોગવાઈ ઉપરોક્ત પરંતુક સાથે વંચાણે લેવી પડે.

જેથી, સૌપ્રથમ ફરિયાદવાળા ચેકો આરોપીએ ફરિયાદીને કોઈ કાયદેસરની લેણી કે બીજી જવાબદારી પેટે આપેલો છે કે કેમ, તે નક્કી કરવું પડે. જે બાબતમાં ફરિયાદીએ તેમની ફરિયાદમાં તથા જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી કેતનભાઈ શાંતિભાઈ પટેલ કે જેઓ જેઓ સુરત ખાતે જમીન લે–વેચ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમને

તેમના મિત્ર જતીનગીરી કંચનગીરી ગૌસ્વામી મારફતે પુણેમાં ફ્લોર મીલનો ધંધો કરતા આરોપી સાથે પરિચય થયો હતો. આરોપીની સુરત ખાતેની અવાર–નવારની મુલાકાતોને કારણે ફરિયાદી સાથે તેમના ગાઢ અને વિશ્વાસપૂર્ણ સંબંધો બંધાયા હતા, જેનો લાભ ઉઠાવી આરોપીએ મે–૨૦૧૭માં પોતાના ધંધાકીય વિકાસ માટે રૂા. ૧૭,૫૦,૦૦૦/– ની આર્થિક મદદ માંગી હતી. આ મિત્રતાના દાવે અને ભરોસે, ફરિયાદીએ તા. ૨૫/૦૫/૨૦૧૭ ના રોજ ધી વરાછા કો–ઓપરેટિવ બેંકના ચેક નં. ૮૨૬૪૩૮ થી રૂા. ૯,૦૦,૦૦૦/– અને ICICI બેંકના ચેક નં. ૧૩૬૧૬૧ થી રૂા. ૮,૫૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૭,૫૦,૦૦૦/– ની રકમ RTGS મારફતે આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. આરોપીએ આ રકમ હાથ ઉછીની લીધી હોવાનું સ્વીકારી ટૂંક સમયમાં પરત કરી દેવાની ખાતરી આપી ફરિયાદીનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીએ શરૂઆતમાં બહાના બતાવી સમય પસાર કર્યો હતો. જોકે, જૂના સંબંધો અને આરોપી પરના અતૂટ વિશ્વાસને કારણે ફરિયાદીએ લાંબા સમય સુધી ધીરજ રાખી કોઈ કાયદેસરની કાર્યવાહી કરી ન હતી. ત્યારબાદ, ફરીથી મક્કમ ઉઘરાણી કરતા આરોપીએ પોતાની દેવાદારી સ્વીકારી હતી અને હાથ ઉછીની લીધેલ રકમ પેટે **યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, બલેવાડી, પુણે** શાખાનો **રૂ.૧૭,૫૦,૦૦૦/–**નો **ચેક નં.૦૦૬૨૩૪, તા.૧૫/૦૬/૨૦૧૭** નો ફરિયાદીને આપ્યો હતો. આરોપીએ ફરિયાદીને પાકો વિશ્વાસ અને ખાતરી આપી હતી કે આ ચેક બેંકમાં રજૂ કરતા તે પાસ થઈ જશે અને ફરિયાદીને તેમના પૂરેપૂરા નાણાં પરત મળી જશે. આરોપીએ આપેલા વિશ્વાસ મુજબ, ફરિયાદીએ રૂ.૧૭,૫૦,૦૦૦/– નો ચેક નં. ૦૦૬૨૩૪ તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ પોતાની વરાછા કો–ઓપરેટિવ બેંક, કામરેજ શાખામાં જમા કરાવ્યો હતો. પરંતુ, આરોપીના ખાતામાં અપૂરતું બેલેન્સ હોવાને કારણે આ ચેક **તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ "Funds Insufficient"** ના શેરા સાથે પરત આવ્યો હતો. આ અંગે જાણ કરતા આરોપીએ માફી માંગી હતી અને થોડા સમય પછી પોતાની સૂચના મુજબ ફરીથી ચેક બેંકમાં નાખવા જણાવ્યું હતું. ત્યારબાદ, આરોપીના જણાવ્યા અને ભરોસા મુજબ ફરિયાદીએ **તા. ૦૧/૦૮/૨૦૧૭** ના રોજ ફરીથી સદર ચેક બેંકમાં રજૂ કર્યો હતો. પરંતુ આ વખતે આરોપીએ બદદાનત રાખી ચેક અટકાવી દીધો હોવાથી, ચેક **તા. ૦૨/૦૮/૨૦૧૭ ના રોજ "Payment Stopped by Drawer"** ના શેરા સાથે ફરીવાર પરત આવ્યો હતો. આરોપીને સૌપ્રથમ બચાવની તક ફરિયાદી એ આપેલી નોટીસના અનુસંધાનમાં મળે છે, એટલે કે આંક–૩૦ થી રજુ નોટીસ ની સ્થળપ્રત તથા આંક–૩૧ અને ૩૨ હેઠળ રજુ પોસ્ટલ વિભાગના દસ્તાવેજો ધ્યાનમાં લેવામાં આવે તો, ફરીયાદી દ્વારા આરોપીને ધી. નેગો.ઈન્સ. એકટની કલમ: ૧૩૮ અન્વયેની નોટીસ મોકલેલ છે અને જે નોટીસ આરોપીને નોટીસના સરનામે ડીલીવર કરવામાં આવેલ છે તે ફલીત થાય છે.

આરોપીને હાલની નોટીસની બજવણી થયેલ છે. આરોપીએ બચાવની તકનો લાભ શરૂઆતથી લીધેલ નથી. અગર તો કહીએ તો, આરોપી દ્ધારા પ્રથમ થી જ ફરીયાદીના કથન કે દસ્તાવેજો સંબંધે કોઈ બચાવ, વાંધો ઉઠાવેલ નથી.

સદર કામે રજુ થયેલ આંક–૩૮ અને ૩૯ વાળા તકરારી ચેકો "**પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર**" ના શેરા સાથે રિટર્ન થયેલ છે પરંતુ તે સંદર્ભમા ના.સુપ્રિમકોર્ટ ના ચુકાદા, **2012(0) ADEL-SC.52370** ધ્યાને લેવામા આવે છે તેમા નામદાર સુપ્રિમ કોર્ટે સ્થાપિત કરેલ છે કે,

> Negotiable Instument Act 1881-sec.-138,139 dishounor of cheque-whether offence under section 138 of the act 1881 made out if cheque is dishounored for reason that signature on cheque did not match with the specimen signature available with the bank-whether complaint cab be quashed on the court held,the reason for dishonour of cheque insufficiency of fund is genus and other reasons like "stop payment", "account closed", "refer to drawer"are only speciestherefore, nonmatching of signature constitutes dishonour of cheque as per sec.138 of the act,1881.

જેથી હાલના કામે રજુ આંક–૨૮ વાળો તકરારી ચેક નેગોશીયેબલ એકટની કલમ ૧૩૮ ના પરિપેક્ષમા આવે છે.

**(૧૨.૧)..** જો કે, એ હકીકત પણ નોંધનીય છે કે, હાલના કામે આરોપી દ્ધારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજી હકીકતોને પડકારેલ નથી. આરોપીની પ્લી આંક–૧૪ થી લીધા બાદ ફરીયાદીની આરોપી દ્ધારા કોઈ ઉલટતપાસ કરેલ નથી અને ત્યારબાદ આરોપી ગેરહાજર રહેલ છે તેમજ આરોપીના પ્રતિનીધી તરીકે પણ કોઈ હાજર ન રહેતા અને કોઈ રીપોર્ટ, રજુઆત રેકર્ડ ઉપર ન કરતા આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ સંબંધે જોઈએ તો, નામ. સર્વોચ્ચ અદાલતના [2014] 0 AIR (SC) 2528 ના ઈન્ડિયન બેંક એસોસીએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના ચુકાદામાં આપેલા દિશાનિર્દેશો પૈકી નં. ૪, ૫ મુજબ આરોપી કોર્ટમાં હાજર થાય ત્યારે તેની પ્લી નોંધાતી હોય ત્યારે આરોપીએ કિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ તેમનો બચાવ રજુ કરવો પડે અને પછી આરોપીના બચાવના પુરાવા માટે કેસ રાખવો પડે, સિવાય કે આરોપી દ્ધારા ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૨) મુજબ ફરિયાદીને રીકોલ કરી ઉલટતપાસ કરવા પરવાનગી માંગતી અરજી આપી હોય. હાલના કેસમાં આરોપીની પ્લી નોંધાઈ ત્યારે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબનો કોઈ ડીફેન્સ રજુ કરેલ નથી કે, બાદમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૨) મુજબની ફરિયાદીને રીકોલ કરવા અરજી આપેલ નથી. એટલે કે, આરોપી ફરિયાદીની ઉલટતપાસ કરવા માંગતા નથી તેવું સાબિત થાય, જેથી સદરહુ ના.સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આરોપી પક્ષે ફરિયાદીની ઉલટતપાસનો હક્કબંધ કરવામાં આવેલો હતો. આમ, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી હકીકતો તેમની સરતપાસ મારફતે સાબિત કરેલ છે. જ્યારે આરોપી પક્ષે કોઈ ઉલટ તપાસ કરેલી નથી. આમ, આરોપી ફરિયાદીની ઉલટતપાસ કરવા માંગતા નથી તેવું સાબિત થાય છે.

**(૧૨.૨)..** આમ, ફરિયાદ પક્ષે ફરિયાદવાળા ચેકો આરોપીએ કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલ હોવાનું સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવેલ છે. વધુમાં, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેકો કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલો હોવાનું કોર્ટે અનુમાન કરી લેવાનું છે અને તેનાથી વિરૂદ્ધનું સાબિત કરવાની જવાબદારી આરોપીના શીર છે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

**Sec. 139 : Presumption in favour of holder-**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

જે મુજબ, વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકોને ધારણ કરનારે તે ચેકો કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબની કોઈ લેણાં કે બીજી જવાબદારીના સંપૂર્ણ કે અંશતઃ પાલન માટે જ મેળવેલા છે.

આરોપીને આ અનુમાનથી વિરૂદ્ધનું સાબિત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી. પરંતુ, પ્રેપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝના ધોરણ મુજબ આરોપીએ શક્યતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી દ્વારા ફરિયાદીની તથા તેના સાહેદોની ઉલટતપાસ દ્વારા પણ રજુ કરી શકે છે.

અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી કે પોતાનો પુરાવો રજુ કર્યો નથી. ફરિયાદીએ તેમની ફરિયાદ તથા જુબાનીમાં **રૂ.૧૭,૫૦,૦૦૦/–** ની રકમ આરોપી એ ચૂકવવાની બાકી હોવાનું જણાવેલ છે તેની વિરૂદ્ધનું સાબિત કરતો કોઈ પુરાવો આરોપી પક્ષે રજુ કરેલ નથી. વધુમાં, કલમ–૧૩૯ નું અનુમાન પણ ફરિયાદીની તરફેણમાં છે.

કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ તકરારી ચેકો કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલો હોય અને તે વગર સ્વિકરાયે પરત આવે તો ગુનો બન્યો ગણાય. હાલના કેસમાં પણ આરોપીની તકરાર મુજબ તેઓએ ફરિયાદી પાસેથી લીધેલી રકમ સામે ફરિયાદીના કહેવા મુજબ ચેકો આપેલ છે અને તે વગર સ્વિકરાયે પરત આવેલ છે. હાલના કામે આરોપીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી તે સંજોગોમાં આરોપી ઉપર જે કલમ–૧૩૯ મુજબનો સાબીતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરેલ નથી. તે સંજોગોમાં આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળા ચેકો કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલો હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે.

**(૧૨.૩)..** વધુમાં, કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ જો ચેક બેંકમાંથી પેમેન્ટ સ્ટોપ કરવાના કારણે પરત ફરે તો આરોપીએ આ કલમ હેઠળ ગુનો કર્યો ગણાય. હાલના કેસમાં ફરિયાદીએ રજુ કરેલો આંક–૨૯ વાળો રીટર્ન મેમો જોતાં તે રીટર્ન મેમો આરોપીની બેંક દ્વારા આપવામાં આવેલા છે. જેમાં ફરિયાદવાળા ચેકો **"પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર"** ના શેરા સાથે પરત ફરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તે રીટર્ન મેમોમાં તકરારી ચેકોના નંબર લખેલા છે, જેથી પણ આરોપીએ ફરિયાદીને આપેલ ચેકો **"પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર"** ના કારણે પરત આવેલ છે. આમ, આરોપીએ આપેલ ચેકોમાં આરોપીએ પોતે જ પેમેન્ટ સ્ટોપ કરાવેલ હોવાનું બેંક સાહેદની જુબાનીથી સ્પષ્ટ થાય છે.

**(૧૨.૪)..** કલમ–૧૩૮ નો પરંતુક (એ) પ્રમાણે તે ચેક ત્રણ માસમાં અથવા તો ચેકની નક્કી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ. આ સંદર્ભે પ્રસ્તુત કેસની હકીકત ધ્યાનમાં લેવામાં આવે તો અનુક્રમે આંક–૨૮ વાળો ચેક નં.૦૦૬૨૩૪ તા.૧૫/૦૬/૨૦૧૭ નારોજનો રૂ.૧૭,૫૦,૦૦૦/–નો લખવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે, અને આ ચેક ધ્યાને લેતાં જેમાં રૂ.૧૭,૫૦,૦૦૦/– ની રકમ ફરીયાદીના નામથી જણાવવામાં આવેલ છે. તે જ રીતે નિયત સમયમા બેંકમાં ચેકો જમા કરવામાં આવે છે તેના આધારે જણાય છે. એટલે કે ચેકો નિયત સમયમાં બેંકમાં રજુ કરેલ

હોવાની હકીકત ફલીત થાય છે. આમ, નેગો. ઈન્સ્ટ. એકટની કલમ–૧૩૮(એ) ની જોગવાઈનું પાલન થયેલ છે તે સ્પષ્ટ થાય છે. સદર ચેકોનાં આંક–૨૯ થી રજુ થયેલ રીટર્ન મેમો ધ્યાને લેતાં તેમાં પરત થયાનું કારણ ચેકો નાં રીટર્ન મેમોમાં "**પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર**" જણાવવામાં આવેલ છે તેમજ ચેકો પરત થયા બાબતે બેન્કે ફરીયાદીને જાણ કરેલ હોવાનું ફરીયાદીએ પોતાની ફરીયાદ તથા સોગંદનામામાં જણાવેલ છે.આમ, આ કાયદાની જોગવાઈના પરંતુક (એ)નું પાલન થયેલ હોવાનું સાબિત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લઈએ તો, ચેકો પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકોની રકમ માંગતી લેખિત નોટીસ આરોપીને ફરિયાદીએ આપેલી હોવી જોઈએ. ચેકો વણ સ્વિકરાયેલ પરત થયાની જાણ થતાં તે સબંધેની કાનૂની નોટીસ આરોપીના સરનામે તા.૧૧/૦૮/૨૦૧૭ ના રોજ આંક–૩૦ થી મોકલવામાં આવેલ છે, જે હકીકત ફરીયાદી તર્ફે રજુ થયેલ આંક–૩૧ અને ૩૨ ના દસ્તાવેજો ધ્યાને લેતાં જણાઈ આવે છે. જેમા આ કામના આરોપીને નોટીસ સરનામે તા.૧૬/૦૮/૨૦૧૭ ના રોજ બજી ગયેલ છે.

જેથી, આરોપી વિરુદ્ધ નોટિસની બજવણી થઈ ગયેલ હોય તેવું રેકર્ડ પરથી પુરવાર થાય છે, આંક–૨૯ વાળા રિટર્ન મેમો ની તારીખ તથા નોટિસની સ્થળપ્રત આંક–૩૦ તથા આંક–૩૧ અને આંક–૩૨ ના પોસ્ટલ દસ્તાવેજો ધ્યાનમાં લેતાં તેમજ નોટિસ આપ્યા બાદ ૧૫ દિવસમાં ચેકની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જતાં ફરીયાદીએ હાલની ફરીયાદ એક માસમાં દાખલ કરવી પડે. જે અંગે આંક–૦૧ થી રજુ ફરીયાદ ધ્યાને લેતાં કરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે એટલે કે ફરીયાદીએ સમય મર્યાદામાં કરીયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે.ફરિયાદી દ્વારા કલમ–૧૩૮ ના પરંતુક (બી) નું પાલન કરવામાં આવેલ હોવાનું સાબિત થાય છે.

વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણાં ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ અને આરોપીએ ફરિયાદીને કોઈ રકમ ચુકવી આ પી નોટીસનો અમલ કરેલ હોય કે નોટીસનો જવાબ આપેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર નથી. જેથી ફરિયાદ પક્ષ દ્વારા કલમ–૧૩૮ ના પરંતુક (સી) નું પાલન આરોપી દ્વારા કરેલ ન હોવાનું સાબિત કરવામાં સફળ રહેલ છે.

આમ, સમગ્ર રીતે ફરિયાદ પક્ષ સાબિત કરવામાં સફળ રહેલ છે કે, ફરિયાદીને આરોપી પાસેથી રકમ **રૂ.૧૭,૫૦,૦૦૦/–** પરત લેવાના નિકળતા હતા. જેની ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને આંક–૨૮ વાળો તકરારી ચેક આપેલ. જે ચેક આરોપીની બેંક દ્વારા **"પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર"** ના શેરા સાથે વગર સ્વીકારયે પરત કરેલ હોઈ આરોપી એ ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલો હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. આરોપી પક્ષ કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

**(૧૨.૫)..** આરોપી પક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી, જુબાનીમાં લખેલી વિગતોનો ઈન્કાર કરેલ નથી. તે સંજોગોમાં ફરિયાદીએ તેમની જુબાનીમાં લખેલી સંપુર્ણ વિગતોથી ફરિયાદ સાબિત કરેલ છે.

**(૧૩)..** આમ, સમગ્ર પણે ફરિયાદ, રજુ થયેલા દસ્તાવેજો તથા મૌખીક પુરાવા અને દલીલો ધ્યાને લેતાં આરોપીએ આંક–૨૮ વાળો ચેક ફરિયાદીને ફરિયાદીની કાયદેસરની બાકી પડતી લેણી રકમ પેટે આપેલા હોવાનું તથા તે ચેકો **"પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર"** સાથે વગર સ્વિકરાયે પરત આવેલો હોઈ અને આરોપીને ફરિયાદીએ નોટીસ આપવા છતાં અને આરોપીને નોટીસની જાણ થવા છતાં આરોપીએ તે ચેકોની રકમ ફરિયાદીને ચુકવી નહીં આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત થાય છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવું છું.

**(૧૪)** હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત દ્વારા જાહેર કરી શકાય કે કેમ? તે સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ. – સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન (કવોસીંગ) નં. ૯૧૧૩/ ૨૦૧૬ હુકમ તા.૨૭/૦૩/૨૦૧૭ ધ્યાને લેવો જરૂરી છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરી શકાય છે, અને આરોપીને કલમ–૪૧૮(૨) અન્વયે સજા ભોગવવા માટે બીન જામીન લાયક વોરંટ ફોજદારી કાર્યરીતિ સંહિતા અન્વયે કાઢી શકાય તેમ છે. તેથી ઉપરોકત ચુકાદો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેમ છે તેવુ આ અદાલતનું અતી નમ્રપણે માનવું છે.

**(૧૫)** જ્યારે આરોપીને નેગોશિએબલ અધિનિયમ ની કલમ–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરાવેલ છે ત્યારે કેસના સંજોગો જોગા સી.આર.પી.સી ની કલમ–૩૨૫ અને ૩૬૦ ની કાર્યરીતિ કરવાને કોઈ અવકાશ ના હોય અને સુંદર કેસની કાર્યવાહી સી.આર.પી.સી ની કલમ–૨૬૨ થી ૨૬૫ માં કરેલી સમરી ઈન્સાફી કાર્યવાહી થી કરેલ છે. ઉપરોકત સંજોગોમાં જ્યારે કેસની કાર્યવાહી સમરી ઈન્સાફી કાર્યવાહી થી કરેલ હોય ત્યારે નેગોશીએબલ અધિનિયમ ની કલમ–૧૪૩(૧) નો પરંતુક જોતા, સદર કલમ હેઠળ સમરી ઈન્સાફી કાર્યવાહી કરીને સજા કરેલ હોય ત્યારે મેજીસ્ટ્રટ એક વર્ષથી વધુ ન હોય તેટલી સજા અને

રૂપીયા પાંચ હજાર સુધીનો દંડ કરવો કાયદેસર ગણાશે. જેથી સદર કેસની કાર્યવાહી સમરી ઈન્સાફી કાર્યવાહી દ્વારા કરવામાં આવેલ હોય, નેગોશીએબલ અધિનિયમ ની કલમ– ૧૩૮ માં સજાની જોગવાઈ કરેલી છે તે લાગુ પડશે નહી અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ–૧૪૩(૧) ના પરંતુકમા કરવામાં આવેલ સજાની જોગવાઈ લાગુ પાડી શકાશે. જેથી કેસના સંજોગો, આરોપીની વર્તણુંક ધ્યાને લેતાં. કાયદામાં જણાવેલી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

**(૧૬)** આમ, ઉપરોકત ચર્ચાને આધીન આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧).. આ કામના આરોપી **વિક્રમ નંદરામ બલવાડકર,** રહે.ધોડીરાજ બંગ્લોઝની પાસે, પોસ્ટ.બાલેવાડી, પુણે, મહારાષ્ટ્ર.નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ નાં ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ:૨૫૫(૨)હેઠળ તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨).. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરીયાદીને વળતર પેટે **રૂ.૧૭,૫૦,૦૦૦/–** અંકે રુપિયા સત્તર લાખ પચાસ હજાર પુરા ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ ન ચુકવે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩).. આ કામના આરોપીએ કાચા કામના કેદી તરીકે જો અગાઉ સજા ભોગવેલ હોય તો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

(૪).. જો આરોપીએ વચગાળાના વળતર સ્વરૂપે ફરિયાદીને કોઈ રકમ ચુકવી આપેલ હોય તો તે પણ મજરે આપવી.

(૫).. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની પ્રમાણિત નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૬).. સદર ચુકાદો જાહેર કર્યો અને આરોપીને તકસીરવાન ઠરાવવામા આવેલ તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૧૮ અન્વયે તેમને સજા ભોગવવા માટે અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવા જરૂરી

હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૭૦ અન્વયે આરોપી વિરૂધ્ધ બીન જામીનલાયક વોરંટ કાઢવાનો હુકમ કરવામા આવે છે.

(૭).. આરોપીનુ સજા વોરંટ ભરી, આ હુકમની એક નકલ સાથે અમલ બજવણી સારૂ તાત્કાલીક સંબંધીત પોલિસ સ્ટેશને મોકલી આપવુ.

આ હુકમ આજ તારીખ: **૦૯ મી, માહે–માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

મુ.કઠોર.
તારીખ: ૦૯/૦૩/૨૦૨૬

**(પ્રખર શર્મા)**
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ , કઠોર
***JUDGE CODE NO.GJ01416.***

ગુજરાતી સ્ટેનોગ્રાફર
એમ.જી.મોરડીયા